સારાંશ ખુત્બા જુમ્મા સૈય્યદના હઝરત અકદસ અમિરુલ મોમિનીન ખલીફતુલ મસીહ અલ ખામિસ ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા.૧૦.૦૬.૨૦૧૬, સ્થળઃ મસ્જીદ બૈતુલ ફુતુહ લંડન.

**રોઝાનો વાસ્તવિક હેતુ તો એ છે કે તમે તકવામાં પ્રગતિ કરો.આ એક મહીનો તરબિયતનો મહીનો છે તેમાં પોતાના તકવાના ધોરણો ઊચા કરો.આ તકવા તમારી નેકીઓના ધોરણો પણ ઊચા કરશે અને તમને હંમેશને માટે નેકીઓ પર કાયમ કરશે અને અલ્લાહ તઆલાની નિકટતા પણ પ્રાપ્ત થશે તેવી જ રીતે પાછલા ગુનાહો પણ માફ થશે.**

તશહુદ તઆઉઝ અને સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા એ સૂરઃ બકરાની આયતની તિલાવત કરી અને તેનુ ભાષાંતર બયાન ફરમાવ્યું

હે તે લોકો ! જે ઈમાન લાવ્યા છો તમારા પર રોઝા તેવી જ રીતે ફરઝ કર્યા છે જે રીતે તમારાથી પહેલા લોકો પર ફરઝ કર્યા હતા જેથી તમે તકવા ધારણ કરો.

હુઝુર અનવરે ફરમાવ્યું આ આયતમાં અલ્લાહ તઆલાએ એક એવી વાત તરફ ધ્યાન અપાવ્યુ છે જે આપણી દુનિયા અને પરલોક બન્ને સુધરે અને તે વાત છે લઅલ્લાકુમ તત્તકુન. માટે રોઝાની ફરઝીય્યતની એટલા માટે મહત્તા નથી કે ઇસ્લામથી પહેલા ધર્મોમાં પણ રોઝા મુકર્રર કર્યા હતા બલ્કે મહત્તા એ વાતની છે કે તમે તકવા અપનાવો જેથી તમે બુરાઇઓથી બચી જાઓ. આંહઝરત સ.અ.વ. એ ફરમાવ્યુ કે ખુદા તઆલાને તમનેભૂખ્યા રાખવાની કોઇ જરૂર નથી. રોઝાનો વાસ્તવિક હેતુ તો એ છે કે તમે તકવામાં પ્રગતિ કરો.આ એક મહીનો તરબિયતનો મહીનો છે માટે પોતાના તકવાના ધોરણો ઊચા કરો.આ તકવા તમારી નેકીઓના ધોરણો પણ ઊચા કરશે અને તમને હંમેશને માટેનેકીઓ પર કાયમ કરશે અને અલ્લાહ તઆલાની નિકટતા પણ પ્રાપ્ત થશે તેવી જ રીતે પાછલા ગુનાહો પણ માફ થશે. આંહઝરત સ.અ.વ.એ એક સ્થાને ફરમાવ્યુ કે જે વ્યકિતએ રોઝા ઇમાનની હાલતમાં રાખ્યા અને પોતાની આત્માનો હિસાબ લેતા રાખ્યા તેના પાછલા ગુનાહ માફ કરી દેવામાં આવશે માટે જ્યારે પાછલા ગુના માફ થઇ જાય અને તકવા અપનાવીને ઇન્સાન તેના પર કાયમ થઇ જાય તો એવો ઇન્સાન ખરેખર રમઝાનમાંથી ગુજરવાના હેતુમાં કામિયાબ થઇ ગયો બલ્કે તેણે પોતના જીવનનો મકસદ મેળવી લીધોછે. તકવાના લાભો જે આપણને કુરાન કરીમમાંથી મળે છે તેમા એક ફાયદો અલ્લાહ તઆલાએ આ બયાન કર્યો છે કે

હે બુધ્ધિશાળી લોકો ! અલ્લાહનો તકવા અપનાવો જેથી તમે સફળતા પ્રાપ્ત કરો. કોણ છે જે સફળતા નથી ચાહતો. દુન્યવી સફળતાઓ તો અહી જ રહી જશે અસલ સફળતા તો એ છે જે આ દુનિયાની અને પરલોકની બન્ને સફળતા છે અને તે અલ્લાહે ફરમાવ્યુ કે જો તમારામાં બુધ્ધિ છે તો સાંભળી લો કે તે તકવા પર કાયમ રહેવાથી જ સફળતા મળશે.

હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે કે તકવા કોઇ નાની વસ્તું નથી તેના દ્વારા તે તમામ શૈતાનોનો મુકાબલો કરવાનો હોય છે જે ઇન્સાનની અંદરની પ્રત્યેક શકિત તથા કુવ્વત પર વિજયી છે આ તમામ કુવ્વતો નફસે અમ્મારાની હાલતમાં ઇન્સાનની અંદર શૈતાન છે ફરમાવ્યુ કે ઇલ્મ તથા અકલ જ ખરાબ રીતે ઉપયોગ થઇને શૈતાન બની જાય છે મુતકકીનું કામ તેમની અને તેવી જ બીજી તમામ શકિતઓને સંતુલિત કરવી છે.

પછી આપ ફરમાવે છે કે તકવાનો વિષય સૂક્ષ્મ છે તેને હાસેલ કરો ખુદાની મહાનતા દિલમાં બેસાડો. જેના કર્મોમાં થોડોક પણ ઢોંગ છે તો ખુદા તેના કર્મને પાછો તેના મોં પર મારે છે.મુતકકી થવુ મુશ્કેલ છે.દા.ત. કોઇ તને કહે કે તેં પેન ચોરી છે તો તુ કેમ ગુસ્સો કરે છે તારો પરહેઝ તો માત્ર ખુદા માટે છે. આ ગુસ્સો એટલા માટે થયો કે તુ સીધો તકવાના માર્ગ પર ન હતો જ્યાં સુધી વાસ્તવિક રીતે ઇન્સાન પર અનેક મોતો ન આવી જાય તે મુતકકી નથી બનતો. ફરમાવ્યુ કે મુઅજઝાત અને ઇલ્હામાત પણ તકવા જેવા છે અસલ તકવા છે.માટે તમે ઇલ્હામાત અને રોંયા પાછળ ન પડો બલ્કે તકવાની પ્રાપ્તી પાછળ પડો.જે મુતકકી છે તેના ઇલ્હામો પણ સાચા છે જો તકવા નથી તો ઇલ્હામો પણ ભરોસા લાયક નથી તેમા શૈતાનનો ભાગ હોય છે કુરાન શરીફમાં તકવાના સૂક્ષ્મ માર્ગો સિખ્વાડયા છે નબીની સંપૂણતા,ઉમ્મતની સંપૂણતાને ચાહે છે કેમકે આંહઝરત સ.અ.વ. ખાતમુન્નબીય્યીન હતા માટે આપ સ.અ.વ. પર કમાલાતે નબૂવ્વત ખતમ થઇ. જે અલ્લાહને પ્રસન્ન કરવા ચાહે છે અને ચમત્કાર જોવા ચાહે તથા વિશેષ પ્રકારના ચમત્કાર જોવા ચાહે તો તેણે જોઇએ કે પોતાનુ જીવન પણ વિશેષ ચમત્કારી

બનાવી લે. માટે આપણે આ ક્રાંતિ લાવવાની જરૂર છે આંહઝરત સ.અ.વ.ને માનનાર છીએ અને આપની ઉમ્મતમાંથી છીએ તો આપના સુંદર માર્ગ દર્શન આપણા માટે છે અને એ જ છે કે અલ્લાહ તઆલાથી નિકટતા વધે અને વાસ્તવિક તકવા પૈદા થાય.

આ વાતની પણ સ્પષ્ટતા કરતા કે પ્રત્યેક નેકીનુ મૂળ તકવા છે તકવા અપનાવો. તકાવાનો અર્થ છે પ્રત્યેક સૂક્ષ્મથી સૂક્ષ્મ ગુનાથી પણ બચવું તકવા તેને કહે છે કે જે કાર્યમાં બદીની શંકા પણ હોય તેનાથી પણ દુર થવું એ ન કે જાહેરી બદી જાહેર થઇ રહી છે બલ્કે જો શંકા પણ છે કે આમાં બદી હોઇ શકે છે તેનાથી બચો ફરમાવ્યુ કે દિલની નહેરમાંથી પણ નાની નાની નહેરો નિકળે છે દા.ત. જીભ. જો કોઇની જીભ ખરાબ છે રોઝા રાખ્યા છતાં લડાઇ ઝઘડા ગાળોથી નથી રોકાતો અથવા તેના હાથથી ખરાબ કાર્યો થઇ રહ્યા છે તો સમજી લો કે તેનુ દિલ પણ સાફ નથી અને તે તકવાથી દુર છે.

પછી આ તરફ ધ્યાન અપાવતાં કે આપણુ જીવન નિર્ધનતા અને સાધારણ ગુજારવું જોઇએ. આપ ફરમાવે છે કે અહલે તકવા માટે શર્ત છે કે તે પોતાનુ જીવન નિર્ધનતા અને સાધારણ ગુજારે. આ તકવાની એક ડાળ છે જેના દ્વારા આપણે અનુચિત ગુસ્સાનો મુકાબલો કરવું છે. વિના કારણે ગુસ્સો જે છે તેનો મુકાબલો કરવું છે. ગુસ્સો જો ઉચિત મોકાનો છે તો જાયઝ છે પરંતુ અનુચિત ગુસ્સો નાની નાની વાતો પર ગુસ્સો લડાઇ ઝઘડાથી બચો. ફરમાવ્યું કે મોટા મોટા જ્ઞાની અને સત્યનિષ્ઠની અંતિમ સખ્ત મંજીલ ગુસ્સાથી બચવુ છે. ફરમાવ્યું હું નથી ચાહતો કે મારી જમાઅતના લોકો આપસમાં એક બીજાને નાના મોટા સમજે અથવા એક બીજા પર ઘમંડ કરે અથવા સંકોચની દ્રષ્ટિએ જુએ ખુદા જાણે છે કે મોટો કોણ છે અને નાનો કોણ છે. આ એક પ્રકારનું અપમાન છે ડર છે કે આ તિરસ્કાર બીજની જેમ વધે અને તેની હલાકતનું કારણ બને. ફરમાવ્યુ કે અમુક લોકો મોટા માણસને મળીને ખુબ અદબથી પેશ આવે છે પરંતુ મોટો તે છે જે ગરીબની વાત ધ્યાનપૂર્વક સાંભળે તેને આશ્વાસન આપે તેની વાતની ઇજ્જત કરે. કોઇ અકળાઇને વાત ન કરે કે જેનાથી આઘાત પહોંચે.

પછી મુતક્કી કોણ છે આપ ફરમાવે છે કે ખુદાના કલામથી જણાય છે કે મુતકકી તે હોય છે જે સહનશીલતા અને નમ્રતાથી ચાલે છે અને ઘમંડી વાતો નથી કરતાં તેમની વાતો એવી હોય છે જેવુ કે નાનો મોટાથી વાર્તાલાપ કરે છે.ફરમાવ્યું કે આપણે હર હાલમાં એ કરવું જોઇએ જેનાથી આપણો સુધાર થાય. અલ્લાહ તઆલા કોઇનો ઠેકેદાર નથી. તે ખાસ તકવાને ચાહે છે જે તકવા કરશે તે પ્રતિષ્ઠાના સ્થાને પહોંચશે.

પછી આપ ફરમાવે છે કે કઇ રીતે સાચો વિનય અને સાચી અક્કલ મેળવી શકાય ફરમાવ્યું કે સાચો વિનય અને સાચી અક્કલ અથવા જ્ઞાન અલ્લાહ તઆલા તરફ ઝુક્યા વગર મેળવી જ ન શકાય માટે જ કહેવાયું છે કે મોમિનની વિનયતાથી ડરો કેમકે નૂરે ઇલાહીથી જુએ છે સાચી વિનયતા અને વાસ્તવિક અક્કલ કદાપિ નસીબ નથી થઇ શકતી જ્યાં સુધી તકવા પ્રાપ્ત ન હોય.

પછી આ તરફ ધ્યાન અપાવતા કે જો જમાઅતમાં સામેલ થયા છો ઇસ્લામની સેવા કરવા ચાહો છો તો પછી પહેલા સ્વયં તકવા અને પવિત્રતા અપનાવો ઇસ્લામની સેવા માત્ર વાતોથી ન થશે બલ્કે આપણે તકવા અને પવિત્રતા અપનાવવી પડશે આપ ફરમાવે છે કે હવે હું ફરીથી આ ધ્યાન અપાવું છું. પહેલા હેતુ તરફ આવુ છું જે રીતે દુશ્મન સામે સરહદ પર ઘોડો હોવો જરૂરી હોય છે જેથી દુશ્મન હદથી નિકળી ન શકે તેવી જ રીતે તમે પણ તૈયાર રહો સાબિરૂ અને રાબિતૂની વ્યાખ્યા કરતા ફરમાવ્યું સરહદો પર ઘોડા ઊભા રાખવામાં આવે છે દુશ્મનથી બચવા માટે ફૌજ ઊભી કરવામાં આવે છે જેથી દુશ્મન આપણી સરહદોમાં દાખલ ન થાય. ફરમાવ્યું તેવી જ રીતે તમે પણ ફૌજની જેમ તૈયાર રહો.એવુ ન થાય કે દુશ્મન સરહદથી નિકળી ને ઇસ્લામને નુકશાન પહોંચાડે. ફરમાવ્યુ કે હું પહેલા પણ બયાન કરી ચુક્યો છુ કે જો તમે ઇસ્લામનુ સમર્થન અને સેવા કરવા ચાહો છો તો પહેલા સ્વયં તકવા અને પવિત્રતા અખ્તિયાર કરો જેનાથી તમે સ્વયં ખુદા તઆલાની પનાહના રક્ષાસ્થાન સુદ્રઢમાં આવી શકશો.અલ્લાહ તઆલાની પનાહના મજબુત કિલ્લામાં આવી શકશો અને પછી તમે એ સેવા સૌભાગ્ય અને યોગ્યતા હાસલ કરી શકશો. ફરમાવ્યું અલ્લાહ તઆલાનો ફઝલ હંમેશા મુતકકીઓ અને સદાચારીઓ સાથે હોય છે. પોતાનો વ્યવહાર એવો ન બનાવો જેનાથી ઇસ્લામને ડાઘ લાગે. દુરાચાર અને ઇસ્લામ પર અમલ ન કરનાર મુસ્લિમોથી ઇસ્લામને ડાઘ લાગે છે. કોઇ મુસ્લિમ દારૂ પી લે છે તો ક્યાંક ઉલ્ટી કરતો ફરે છે પાઘડી ગળામાં હોય છે ગંદી નાલીઓમાં પડતો રહે છે પોલીસના જુતા પડે છે હિન્દુ અને ઇસાઇ તેના પર હંસે છે.તેનો શરિઅત વિરૂદ્ધ કાર્ય તેનો જ હંસીનુ કારણ નથી બનતુ બલ્કે વાસ્તવમાં તેનો પ્રભાવ મૂળ ઇસ્લામ પર પડે છે માટે પોતાની ચાલ ચલન અને વ્યવહાર એવો બનાવી લો કે કાફીરોને પણ તમારા પર જે વાસ્તવમાં ઇસ્લામ પર વિવાદ કરવાનો અવસર ન મળે.

હુઝુર અનવરે ફરમાવ્યું આપણે હઝરત મસીહ મૌઉદ અ.સ. એટલા માટે માન્યા છે કે ધર્મ બગડી ગયો અને ઇસ્લામની ખરી તાલીમ પર કોઇ ન ચાલી રહ્યો હતો. જો ઇસ્લામની ખરી તાલીમ પર આપણે ચાલવુ છે તો હઝરત મસીહ મૌઉદને માનો અમો એ એટલા માટે માન્યા છે  તે પછી શું આપણે પોતાની બૂરાઇઓ છોડી દીધી છે ? જુઠ એક એવી બૂરાઇ છે જે સાધારણ લાગે છે પરંતુ ખુબ મોટી છે અને જો આમ જોવા જઇએ તો અધિકતર લોકો આ બૂરાઇમાં પરોયેલ હશે. માટે બૈઅત અને તકવાની આ માગણી છે કે આપણે આ બૂરાઈથી બચીએ અને અહિયા ઘણાં બધા એવા છે કે ધર્મ માટે બહાર નિકળ્યા છે પોતાના દેશમાં તેમને ધર્મ પર અમલ કરવાની પરવાનગી ન હતી. સ્વતંત્ર રીતે ધર્મ જાહેર કરવાની પરવાનગી ન હતી. તો આપણે તો અધિક વિશેષ રીતે પશ્ચિમી દેશોમાં રહેનારાઓને ખુબ સાવધાની રાખવી જોઇએ કે અમારો નાનું કાર્ય પણ એવુ ન હોય કે જેનાથી આ જાહેર થતુ હોય અથવા અમારી જુબાનથી કોઇ એવા શબ્દો ન નિકળે જેનાથી જાહેર થતુ હોય કે આ જુઠ છે અથવા ખોટી રીતે ફાયદો ઉઠાવી રહ્યા છે. તકવાના ધોરણને સામે રાખતાં પ્રત્યેકે પોતાનુ નિરીક્ષણ કરવાની જરૂર છે.

પછી અલ્લાહના ખૌફ વિશે આપ ફરમાવે છે કે અલ્લાહનો ખૌફ તેમા જ છે ઇન્સાન જુએ કે તેની વાત અને કાર્ય ક્યાં સુધી એક બીજાથી અનુરૂપતા રાખે છે.વાતો તે શુ કરી રહ્યો છે અને અમલ શુ કરી રહ્યો છે. આપસમાં અનુરૂપતા છે એક બીજાથી મળે છે અથવા વિરુદ્ધ છે. પછી જ્યારે જુએ કે તેની વાત અને કાર્ય બરાબર નથી તો સમજી લે કે તે ઇલાહી પ્રકોપમાં હશે. જો દિલ અપવિત્ર છે વાત ચાહે ગમે તેટલી પવિત્ર હોય તે દિલ ખુદાની નજરમાં કોઇ કિંમત નથી મેળવતું. દિલ નાપાક છે તેનો અમલ સારો નથી પછી ચાહે ગમે તેટલી આપણે નેક વાતો કરતા રહીએ અલ્લાહ તઆલાની નજરમાં તેની કોઇ કિમત નથી બલ્કે ખુદાનો પ્રકોપ ઉત્તેજિત થશે. અલ્લાહ બધાંને તેનાથી બચાવે. ફરમાવ્યુ મારી જમાઅત સમજી લે કે તે મારી પાસે આવ્યા છે માટે કે તુખ્મ રેઝી અર્થાત બીની વાવણી કરવામાં આવે જેનાથી તે ફળદાર વૃક્ષ બની જાય. પ્રત્યેક પોતાના પર વિચાર કરે કે તેની અંદર કેવુ છે અને તેની  બાહ્ય હાલત કેવી છે. જો આપણી જમાઅત પણ ખુદાનખ્વાસ્તા એવી છે કે તેની જુબાન પર કઇ છે અને દિલમાં કઇ બીજુ છે તો પછી શુભ સમાપન ન થશે.

પછી આપ ફરમાવે છે કે આપણી જમાઅતને વિશેષ રીતે તકવાની જરૂર છે ખાસ કરીને આ ખ્યાલથી પણ કે એક એવા વ્યકિતથી તાલુક રાખીએ છીએ અને તેના સિલસિલા બૈઅતમાં છીએ જેનો દાવો મામૂરીયત નિયુક્તિનો છે જેથી લોકો જે ચાહે કોઇ પ્રકારના દ્વેષો,ધૃણાઓ અથવા શિર્કમાં લિપ્ત હતા અથવા દુન્યા તરફ ઝુકેલ હતા આ તમામ દુવિધાથી મુક્તિ મેળવે. આપ ફરમાવે છે કે આપ જાણો છો કે જો કોઇ બિમાર થઇ જાય ચાહે તેની બિમારી નાની હોય કે મોટી જો તે બિમારીની દવા ન કરવામાં આવે અને ઇલાજ માટે દુખ ન ઉઠાવામાં આવે, બીમાર તંદુરસ્ત નથી થઇ શકતો એક કાળો ધબ્બો મોં પર નિકળીને એક ચિંતા ઊભી કરી દે છે કે આ ધબ્બો વધતાં વધતાં મોંને કાળો ન કરી નાખે તેવી જ રીતે પાપ પણ એક ધબ્બો છે. નાના પાપ નિશ્ચિંત રહેવાથી મોટા બની જાય છે. ફરમાવ્યું નાના પાપનો તેજ મોટો ધબ્બો જે વધીને અંતે આખા મોંને કાળો કરી નાખે છે. આ નાના પાપ જ છે જે મોટા ગુના બને છે અને ઇન્સાનને કાળો કરી નાખે છે. અલ્લાહ તઆલા આપણને રમઝાનના આ ખાસ માહોલમાં અલ્લાહના આદેશો પ્રમાણે તકવા અપનાવાની તૌફીક આપે અને હઝરત મસીહ મૌઉદ અ.સ.ની જમાઅતના તે લોકો બનીએ જે પ્રત્યેક બૂરાઇથી બચનાર અને ખુદાની પ્રસન્નતા મેળવવા માટે પોતાના તમામ અમલ ઢાળનાર થઇએ અને આ મહીનાથી એવા પવિત્ર થઇને નિકળીએ અને નેકીઓ પર એવા કાયમ થઇએ કે અમારાથી પહેલા થયેલ બૂરાઇઓ ફરીથી કદાપિ પાછી ફરીને ન આવે. અલ્લાહ તઆલા અમને આની તૌફીક આપે.

**Khulasa Khutba Jumma Hazoor Anwar 10 june 2016**

# Book Post (Printed Matter)

**To.............................................................**

**.................................................................**

**.................................................................**